નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હેઠળની હંગામી જગ્યાઓને તા.૨૮-૦૨-૨૦૨૫ સુધી ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : **SJED/EOD/e-file/17/2022/0090/J,**
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬-૦૨-૨૦૨૪

<u>વંચાણે લીધા:-</u>

૧. આ વિભાગના ઠરાવ ક્રમાંક:- **SJED/EOD/e-file/17/2022/0090/J**, તા.૦૮/૦૬/૨૦૨૩.

૨. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:RSK/102014/2300(21)/R., તા:03/૦૨/૨૦૧૪.

3. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક:અજાક/મકમ/૪/૧૩૯/૨૦૨૪/ક, તા.૧૭-૦૧-૨૦૨૪.

<u>પ્રસ્તાવના:-</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૦૮-૦૬-૨૦૨૩ના ઠરાવથી, ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાયેલ કુલ-૭૩૩ હંગામી જગ્યાઓ, ભરતી કેલેન્ડર સિવાયની કુલ-૧૩૩ હંગામી જગ્યાઓ, કેડર પોસ્ટની કૂલ-૭ હંગામી જગ્યાઓ, તેમજ જિલ્લા પંચાયતની કુલ-૫૫ જગ્યાઓ એમ કુલ=૭૩૩+૧૩૩+૭+૫૫=૯૨૮ હંગામી જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના ના તા.૦૩-૦૨-૨૦૧૪ના ઠરાવની જોગવાઇ મુજબ, રાજ્ય સરકારે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર લાગુ પાડ્યુ ત્યારથી જયાં સુધી કેલેન્ડર જીવંત છે ત્યાં સુધી ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ જગ્યાઓને એબેયન્સમાં મૂકવામાંથી કે રદ કરવામાં મુક્તિ આપવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમ-(3) પરના તા.૧૭-૦૧-૨૦૨૪ના પત્રથી વિવિધ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા માટેની દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

-: ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની (૧) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ નીચેના પત્રક-૧ના કોલમ નં.૫ માં દર્શાવેલ કુલ-૭૬૫ હંગામી જગ્યાઓ (૨) પત્રક-૨ (ભરતી કેલેન્ડર સિવાયની જગ્યા) ના કોલમ નં.પમાં દર્શાવેલ કુલ-૧૩૬ હંગામી જગ્યાઓ (3) પત્રક-3 (કેડર પોસ્ટની જગ્યા) ના કોલમ નં.પમાં દર્શાવેલ કુલ-૭ હંગામી જગ્યાઓ (૪) પત્રક-૪ ના કોલમ નં.પમાં દર્શાવેલ કુલ-૫૫ હંગામી જગ્યાઓ; એમ કુલ=૭૬૫+૧૩૬+૭+૫૫=૯૬૩ હંગામી જગ્યાઓને નીચે મુજબની શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા આથી ઠરાવવામાં આવે છે.

**પત્રક-૧ ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ સંવર્ગોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યાબળ (કુલ) | કાયમી | હંગામી | હંગામી પૈકી | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ત્રણ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની |
| (૧) | (૨) | (3) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| ૧ | નાયબ નિયામક (વર્ગ-૧) | ૩૫ | ૨૦ | ૧૫ | ૭ | ૮ | ૫ | ૧ | ૨ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | ૫૭ | ૨૨ | ૩૫ | ૧૬ | ૧૯ | ૧૭ | ૦ | ૨ |
| ૩ | આચાર્ય(વર્ગ-૨) | ૨૮ | ૦ | ૨૮ | ૭ | ૨૧ | ૧૨ | ૯ | ૦ |
| ૪ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-3) | ૨૧૨ | ૧૦ | ૨૦૨ | ૧૩૧ | ૭૧ | ૫૭ | ૧ | ૧૩ |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-3) | ૨૬૨ | ૧૫૯ | ૧૦૩ | ૧૬ | ૮૭ | ૨૮ | ૧૩ | ૪૬ |
| ૬ | સિનીયર ક્લાર્ક (વર્ગ-3) | ૧૧૩ | ૩૧ | ૮૨ | ૫૫ | ૨૭ | ૧૦ | ૩ | ૧૪ |
| ૭ | ક્લાર્ક (વર્ગ-3) | ૨૩૮ | ૧૮૬ | ૫૨ | ૧૪ | ૩૮ | ૧૩ | ૯ | ૧૬ |
| ૮ | મદદનીશ શિક્ષક(ઉ.મા.) | ૧૨૭ | ૦ | ૧૨૭ | ૧૨ | ૧૧૫ | ૭ | ૧૬ | ૯૨ |
| ૯ | મદદનીશ શિક્ષક(મા.શિ.) | ૧૨૧ | ૦ | ૧૨૧ | ૪૫ | ૭૬ | ૧૯ | ૨૨ | ૩૫ |
| | કુલ | ૧૧૯૩ | ૪૨૮ | ૭૬૫ | ૩૦૩ | ૪૬૨ | ૧૬૮ | ૭૪ | ૨૨૦ |

### પત્રક-૨ ભરતી કેલેન્ડર સિવાયની જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યા બળ (કુલ) | કાયમી | હંગામી | હંગામી જગ્યાઓ પૈકી | | ખાલી | | | રીમાર્કર્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ત્રણ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| ૧ | નિયામક | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | - | - | - | |
| ૨ | સંયુક્ત નિયામક | ૪ | ૦ | ૪ | ૧ | ૩ | ૩ | - | - | |
| ૩ | કાયદા સલાહકાર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | - | - | - | |
| ૪ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | - | - | |
| ૫ | શિવણ સંચાલિકા | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૧ | - | - | |
| ૬ | ડ્રાઈવર | ૭ | ૦ | ૭ | ૦ | ૭ | ૫ | ૨ | - | |
| ૭ | પટાવાળા | ૪૫ | ૦ | ૪૫ | ૩૨ | ૧૩ | ૧૨ | ૧ | - | |
| ૮ | રસોયા | ૨૧ | ૦ | ૨૧ | ૧૩ | ૮ | ૬ | ૨ | - | |
| ૯ | રસોડા કામદાર | ૧૮ | ૦ | ૧૮ | ૧૫ | ૩ | ૩ | - | - | |
| ૧૦ | ચોકીદાર | ૧૭ | ૦ | ૧૭ | ૧૨ | ૫ | ૫ | - | - | |
| ૧૧ | સફાઇ કામદાર | ૧૨ | ૦ | ૧૨ | ૧૦ | ૨ | ૨ | - | - | |
| ૧૨ | હમાલ | ૭ | ૦ | ૭ | ૩ | ૪ | ૪ | - | - | |
| કુલ | | ૧૩૬ | ૦ | ૧૩૬ | ૮૯ | ૪૭ | ૪૨ | ૫ | ૦ | |

## પત્રક ૩ - કેડર પોસ્ટની વિગતો દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યાબળ (કુલ) | કાયમી | હંગામી | હંગામી જગ્યાઓ પૈકી | | ખાલી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ત્રણ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| ૧ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | - | - | - |
| ૨ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | - | - |
| ૩ | સંશોધન મદદનીશ | ૩ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | - | - |
| ૪ | આંકડા મદદનીશ | ૩ | ૦ | ૩ | ૦ | ૩ | - | ૩ | - |
| | કુલ | ૮ | ૧ | ૭ | ૩ | ૪ | ૧ | ૩ | ૦ |

## પત્રક-૪ જિલ્લા પંચાયતની જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનુ નામ | કાયમી | હંગામી | સંખ્યાબળ (કુલ) | ભરાયેલ | ખાલી | ખાલી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ત્રણ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| ૧ | સમાજ કલ્યાણ નિરીક્ષક(પંચાયત) | ૦ | ૧૪ | ૧૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૧ |
| ૨ | આંકડા મદદનીશ (પંચાયત) | ૦ | ૭ | ૭ | ૩ | ૪ | ૩ | - | ૧ |
| ૩ | સિનીયર ક્લાર્ક (પંચાયત) | ૦ | ૮ | ૮ | ૪ | ૪ | ૩ | ૧ | - |
| ૪ | ક્લાર્ક (પંચાયત) | ૦ | ૮ | ૮ | ૫ | ૩ | ૩ | - | - |
| ૫ | ડ્રાઈવર (પંચાયત) | ૦ | ૧૭ | ૧૭ | ૧૭ | ૦ | - | - | - |
| ૬ | પટાવાળા (પંચાયત) | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | - | - | - |
| | કુલ | ૦ | ૫૫ | ૫૫ | ૩૯ | ૧૬ | ૧૨ | ૨ | ૨ |

શરતો:-

(૧) પત્રક-૨ (ભરતી કેલેન્ડર સિવાયની જગ્યા) ના કોલમ નં.૯ માં દર્શાવેલ, ૩ થી ૫ વર્ષ સુધી ખાલી છે તેવી, કુલ-૫ જગ્યાઓને એબેયન્સમાં મુકવાની રહેશે તથા આ જગ્યા ભરતા પહેલા નાણા વિભાગની પૂર્વ મંજૂરીથી એબેયન્સ મુકત કરાવી લેવાની રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૭) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યોઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી(અ.જા.ક.)ની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક–નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/E-FILE/4/2023/0336/Z.1 Dt.26-06-2023 ની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક :FD/ ZMR/E-FILE/4/2022/2282/Z.1 Dt..26-06-2023ની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અ.મુ.સ.શ્રી(સા.ન્યા.)ની તા.૦૮-૦૨-૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

<u>નકલ રવાના:-</u>

૧. માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૨, સચિવાલય, ગાંધીનગર.
૩. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૬. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
૭. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
૮. નાણાં સલાહકારશ્રી, સા.ન્યા. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
૧૦. શાખા પસંદગી ફાઈલ-૨૦૨૪.